ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની
યોજનાકીય પ્રવૃત્તિઓના અમલીકરણ માટે
જિલ્લા પછાતવર્ગ કલ્યાણઅધિકારીને
"મેનેજર" તરીકે નિયૂક્ત( Designate )
કરવા અંગે.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ–૧૦૨૦૦૧–૨૪૭૮–ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :– ૨૪-૭-૨૦૦૯.

વંચાણે લીધોઃ– તા.૨૬–૧૧–૨૦૦૧ ના સમાનાંકી ઠરાવ.

–: ઠરાવઃ–

સંદર્ભ હેઠળના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની યોજનાકીય પ્રવૃત્તિઓના અમલીકરણની કામગીરી જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીને મદદનીશ જિલ્લા મેનેજર તરીકે કરવા જોગવાઈ કરેલ છે.

૨. નિગમની વિવિધ કલ્યાણકારી યોજનાઓ પરિણામલક્ષી અને ઝડપી થાય તે માટે જે તે જિલ્લાના પછાતવર્ગ કલ્યાણ અધિકારીને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના "જિલ્લા મેનેજર" તરીકે સઘળી કામગીરી બજાવવા માટે નિયૂક્ત( Designate ) કરવાનું આથી સરકાર ઠરાવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શ્રીમતી એસ.આર.ભુરીયા)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવ,ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
સચિવશ્રી(પંચાયત),પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સચિવશ્રી (ગ્રામ વિકાસ),પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર